# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/પર/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/૪૨ તા. ૦૩.૦૩.૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૨/ક્વા-૦૪/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી નથુભાઈ ભાયાભાઈ ભીંટ, ગામ – કેશોદ

સબડીવીઝન: કેશોદ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, કેશોદ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ
૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: બુધવાર (૧૫-૦૨-૨૦૨૩)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૫-૦૨-૨૦૨૩ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,હું નથુભાઇ ભાયાભાઇ ભીંટ પીજીવીસીએલનો ઝૂપડપટ્ટીનો ગ્રાહક છુ મારા ગ્રા.નં.૮૦૧૦૩/૦૫૧૩૪/૧ ધરાવું છું અંદાજે ઘણા વર્ષોથી વિજ-કનેક્શન ધરાવું છું અને નિયમીત વિજબિલ પણ ભરી આપું છું જે આપ આપના રેકર્ડ જોઈ શકો છો છેલ્લે ઓક્ટોબર-૨૨ માં આપવામાં આવેલ બિલ એકીસાથે ૫૮૮ યુનિટ એટલે કે ૪૫૧૨.૯૪ નું આપવામાં આવેલ છે જે અમને માન્ય નથી કેમ કે અમારા ઘરમાં ખાલી બે રૂમ છે એ પણ નળીયાવાળા છે જે તમે સ્થળ તપાસમાં જોઈ શકો છો અને અમારા ઘરે બે પંખા બે એલ.ઈ.ડી. લેમ્પ બીજું કાઈપંન ઈલે.સાધનો નથી અને અમે ગરીબ માણસ આટલું મોટું બિલ કેમ ભરી શકીએ તેથી અમોને આ બિલ માફ કરી ન્યાય આપવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર શ્રી નથુભાઈ ભાયાભાઈ ભીટ ગામ કેશોદ ની તા.૨૧.૧૦.૨૦૨૨ ની ફરિયાદી અરજીના અનુસંધાને અમારી કેશોદ (શહેર) પેટા વિભાગીય કચેરીને અત્રેની કચેરી દ્વારા કેડી/રેવ/કેશોદ(શહેર)/૦૫૨./કવા-૦૪/૨૦૨૨-૨૩/ નથુભાઈ ભાયાભાઈ ભીટ /૫૮૫ તા૦૪.૦૨.૨૦૨૩. નાં પત્ર થી ફરિયાદ બાબતે તલસ્પર્શી ચકાસણી કરી નિયમાનુસાર કાર્યવાહી કરી ઉપરોક્ત ફરિયાદ અરજીનો સંતોષકારક ઉકેલ લાવવા અથવા આનુસંગિક પુરાવાઓ અને દસ્તાવેજો સાથે વિગતવાર અહેવાલ પાઠવવા જણાવેલ,જેનાં અનુસંધાને કેએસડી/ટાઉન /૪૭૦ તા.૦૮.૦૨.૨૦૨૩ નાં પત્ર થી નાયબ ઈજનેર કેશોદ (શહેર),પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી દસ્તાવેજો અને દસ્તાવેજી પુરાવા સાથે વિગતવાર અહેવાલનો પત્ર અત્રેની કચેરીને પાઠવેલ છે.

૩.૧ તેમના જણાવ્યા અનુસાર ઉપરોક્ત ગ્રાહક નં. ૮૦૧૦૩૦૫૧૩૪૧ નંબર વાળા સિંગલ ફેઝ નાં ૦.૫ કી.વો.વીજભાર વાળા ઘર વપરાશ નાં વીજ કનેક્શનમા મીટર રીડર દ્વારા ઓગષ્ટ –સપ્ટેમ્બર ૨૦૨૨ બિલ્ડ ઇન નવેમ્બર -૨૦૨૨ નું તારીખ ૧૪.૧૦.૨૦૨૨ નાં રોજ બીલ બનાવતા તેઓને વપરાશ મુજબ યુનીટ ૭૧૭૮-૬૫૯૦=૫૮૮ યુનિટનું રૂ.૪૫૧૨.૬૭ નું બીલ ગ્રાહકને આપવામાં આવેલ.ત્યાર બાદ ગ્રાહક શ્રી નથુભાઈ ભાયાભાઈ ભીટ દ્વારા સ્થાનિક ઓફિસે તારીખ ૨૧.૧૦.૨૦૨૨ નાં રોજ ફાસ્ટ મીટર ની અરજી કરતા સદર મીટર કેશોદ (શહેર) પેટાવિભાગીય કચેરી દ્વારા રોજકામ નંબર ૫૫૧૧ તારીખ ૦૪.૧૧.૨૦૨૨ થી બદલાવેલ.આ મીટર તા.૨૨.૧૧.૨૦૨૨ નાં રોજ નિયમાનુસાર ગ્રાહક ની હાજરીમાં કેશોદ લેબોરેટરીમા ટેસ્ટ કરતા મીટર બરાબર માલુમ પડેલ તેમાં કોઈ ક્ષતિ માલુમ પડેલ નથી.ત્યાર બાદ ગ્રાહકની ફાસ્ટ મીટર બાબતની અરજી હોઈ આ મીટરનો MRI પણ કાઢવામાં આવેલ.આ MRI રીપોર્ટ મુજબ પણ મીટર બરાબર જણાયેલ છે.જે MRI રીપોર્ટ પણ આ સાથે સામેલ છે. આ સાથે નાયબ ઈજનેર કેશોદ (શહેર) નાં પત્ર ની નકલ તથા દ્સ્તાવજો જેવા કે કેશોદ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી નો લેબ રીપોર્ટ, MRI રીપોર્ટ,સ્થળ રોજકામ,પ્ર ફોર્મા નં ૧૫ અને ૧૪૫ પી.આર.ટી. ની નકલ આપની જરૂરી જાણકારી અર્થે સાદર સામેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ના ગ્રાહક નં. ૮૦૧૦૩૦૫૧૩૪૧ નંબર વાળા સિંગલ ફેઝ નાં ૦.૫ કી.વો.વીજભાર વાળા ઘર વપરાશ નાં વીજ કનેક્શનમા મીટર રીડર દ્વારા ઓગષ્ટ –સપ્ટેમ્બર ૨૦૨૨ બિલ્ડ ઇન નવેમ્બર -૨૦૨૨ નું તારીખ ૧૪.૧૦.૨૦૨૨ નાં રોજ બીલ બનાવતા તેઓને વપરાશ મુજબ યુનીટ ૭૧૭૮-૬૫૯૦=૫૮૮ યુનિટનું રૂ.૪૫૧૨.૬૭ નું બીલ ગ્રાહકને આપવામાં આવેલ.ત્યાર બાદ ગ્રાહક શ્રી નથુભાઈ ભાયાભાઈ ભીટ દ્વારા સ્થાનિક ઓફિસે તારીખ ૨૧.૧૦.૨૦૨૨ નાં રોજ ફાસ્ટ મીટર ની અરજી કરતા સદર મીટર કેશોદ (શહેર) પેટાવિભાગીય કચેરી દ્વારા રોજકામ નંબર ૫૫૧૧ તારીખ ૦૪.૧૧.૨૦૨૨ થી બદલાવેલ.આ મીટર તા.૨૨.૧૧.૨૦૨૨ નાં રોજ નિયમાનુસાર ગ્રાહક ની હાજરીમાં કેશોદ લેબોરેટરીમા ટેસ્ટ કરતા મીટર બરાબર માલુમ પડેલ તેમાં કોઈ ક્ષતિ માલુમ પડેલ

નથી.ત્યાર બાદ ગ્રાહકની ફાસ્ટ મીટર બાબતની અરજી હોઈ આ મીટરનો MRI પણ કાઢવામાં આવેલ.આ MRI રીપોર્ટ મુજબ પણ મીટર યોગ્ય માલુમ પડેલ છે.

૪.૨ સદર કેઈસ માં અરજદાર શ્રી ની પરિસ્થિતી ધ્યાને લેતા આપવામાં આવેલ પેન્ડિંગ યુનિટ સરેરાશ મુજબ કરી રીવાઈઝ બિલ આપવું. અને તેના પર કોઈપણ જાતનો વિલંબિત ચાર્જ વસુલ કરવો નહીં. અને અરજદાર શ્રી દ્વારા આ હુકમ મળ્યે થી દિન -૧૦ માં ભરપાઈ કરી આપવાનું રહેશે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-3૬000૧